# યસ પે એપ્લિકેશન
# નિયમો અને શરતો

યસ પે એપ્લિકેશન માટે નીચે નિર્દિષ્ટ નિયમો અને શરતોમાં ઉપભોક્તા (**''ઉપભોક્તા''**, જે વ્યક્ત કરવામાં આવે, જેનો અર્થ અથવા તેના પરિપ્રેક્ષ્યમાં હોય તે પ્રતિકૂળ સિવાય, તેના અનુગામી અને સોંપણીઓનો અર્થ અને સમાવેશ પણ રહેશે) અને યસ બેંક (**''યસ બેંક''**, જે વ્યક્ત કરવામાં આવે, જેનો અર્થ અથવા તેનું પરિપ્રેક્ષ્યમાં હોય તે પ્રતિકૂળ સિવાય, તેના અનુગામીઓ અને સોંપણીઓનો અર્થ અને સમાવેશ રહેશે) તેમની વચ્ચે સંપૂર્ણ અને ખાસ કરારનો સમાવેશ થાય છે. ઉપભોક્તા અને યસ બેંક વ્યક્તિગત રીતે **''પાર્ટી''** તરીકે સંદર્ભિત કરાશે અને એકત્રિત રીતે **''પાર્ટીઓ''** તરીકે સંદર્ભિત કરાશે.

કોઈ પણ મૌખિક અથવા શાબ્દિક કરારની સુધારણા, ફેરફાર અથવા આ નિયમો અને શરતો છેકી નાખવાનું બંને પાર્ટીઓ પ્રમાણિત રીતે સમર્થન આપે અને આવી સુધારણાઓ, ફેરફાર અને છેકી નાખવા સંબંધે લેખિતમાં સંમતિ આપે ત્યાં સુધી પ્રમાણિત નહીં ગણાશે.

આ નિયમો અને શરતો યસ બેંક દ્વારા આપવામાં આવતા કોઈ પણ અકાઉન્ટ અથવા કોઈ પણ અન્ય સુવિધા અથવા સેવાઓના નિયમો અને શરતો અને/અથવા યસ બેંક દ્વારા સમયાંતરે નિર્દિષ્ટ કરાઈ શકે તે મુજબ આવા નિયમો અને શરતોની ઉપરાંત રહેશે અને તેની ઉપરવટ નહીં રહેશે.

**એ. વ્યાખ્યાઓ:** નિમ્નલિખિત શબ્દો અને વાક્યો પરિપ્રેક્ષ્યને પ્રતિકૂળ હોય તેવા સિવાય આ દસ્તાવેજમાં નીચે અહીં આપ્યા મુજબ અર્થો ધરાવશે.

1. **''એપ્લિકેશન''** નો અર્થ ''યસ પે એપ્લિકેશન'' છે, જે યસ પે થકી યસ બેંક દ્વારા આપવામાં આવતી ઉપલબ્ધ પ્રોડક્ટો અને સેવાઓ માટે યસ બેંક દ્વારા મોબાઈલ/ફેસબુકનો પ્રકાર રહેશે, જે ફેસબુક થકી એક્સેસ કરી શકાશે અથવા એન્ડ્રોઈડ મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમ અથવા વિંડોઝ એપ સ્ટોર માટે આઈઓએસ એપ સ્ટોર અથવા ગૂગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકાશે.

2. ''વોલેટ''નો અર્થ ઉપભોક્તાને યસ બેંક દ્વારા જારી પ્રીપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ (''પીપીઆઈ'') છે.

3. ''પાર્ટનર વોલેટ્સ''નો અર્થ ઉપભોક્તાને યસ બેંકના વિવિધ પાર્ટનર્સ દ્વારા જારી કરાતું પ્રીપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ (''પીપીઆઈ'') છે.

4. **''અકાઉન્ટ(ન્ટ્સ)''**નો અર્થ યસ બેંકમાં ઉપભોક્તા દ્વારા જાળવવામાં આવતું ઓપરેટિવ બેંક અકાઉન્ટ અથવા યસ બેંક દ્વારા આપવામાં આવતી સુવિધાઓ લેવા માટે યસ બેંકને ઉપભોક્તા પૂરું પાડી શકે તે કોઈ પણ અન્ય બેંક અકાઉન્ટ છે.

5. **''અકાઉન્ટ હોલ્ડર''**નો અર્થ યસ બેંક અથવા કોઈ અન્ય બેંકમાં ઉપભોક્તા ધરાવે તે અકાઉન્ટ છે, જેમાં બિનનિવાસી ભારતીયો, કરન્ટ અકાઉન્ટ, કોર્પોરેટ અકાઉન્ટ હોલ્ડરો અને ફોરેન અકાઉન્ટ હોલ્ડરો અપવાદ છે.

6. **‘‘ગોપનીય માહિતી’’**નો અર્થ કોઈ પણ મૌખિક, દષ્ટિગોચર અથવા લેખિત, સ્થાવર અથવા જંગમ અન્ય માહિતી જે સુવિધાઓ સંબંધમાં યસ બેંકમાં ધ્યાનમાં આવી હોય અને તે ‘‘ગોપનીય’’ તરીકે નિશાન કરાઈ હોય અથવા નહીં અથવા અન્યથા ગોપનીય છે એવું સમજી લેવાનું હોય, જે ઉપભોક્તા સાથે સંબંધિત હોય, તેમની અંગત અથવા વેપાર માહિતી હોય અને જે પ્રકારમાં ટેકનિકલ, કમર્શિયલ અથવા નાણાકીય હોઈ શકે. ગોપનીય માહિતીમાં તે આપવા પર અથવા તે પૂર્વે સામાન્ય રીતે ઉપલબ્ધ અથવા અન્યથા પ્રાપ્તિકર્તા પાસે ગોપનીયતાની જવાબદારી વિના તે આપવા પૂર્વે કબજામાં હોય અથવા જે આવી પાર્ટીએ અન્ય પાર્ટી પાસેથી પ્રાપ્ત માહિતી અથવા સામગ્રીનો ઉપયોગ કર્યા વિના સ્વતંત્ર રીતે વિકસાવી હોય તે માહિતીનો સમાવેશ નહીં હોઈ શકે.

7. **‘‘ફેસિલિટીઝ’’**નો અર્થ સમયાંતરે અરજી થકી યસ બેંક દ્વારા આપવામાં આવતી બધી સુવિધાઓ છે.

8. ‘‘એનપીસીઆઈ’’નો અર્થ ભારતમાં મજબૂત ચુકવણી અને પતાવટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ કરવાના હેતુથી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ 2007ની જોગવાઈઓ હેઠળ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા છે.

9. **‘‘લિમિટ્સ’’**નો અર્થ સમયાંતરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિર્ધારિત મુજબ કોઈ પણ હોલ્ડરને જારી કરવામાં આવનાર ભારતીય રૂપિયામાં મૂલ્યમાં આવાં સાધનોનું મહત્તમ મૂલ્ય છે.

10. **‘‘મોબાઈલ નંબર’’**નો અર્થ અરજી સાથે નોંધણીના સમયે ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલો નંબર છે.

11. **‘‘મોબાઈલ ફોન’’**નો અર્થ પ્રમાણિત સિમ કાર્ડ સાથેનો સ્માર્ટ ફોન છે, જે યસ બેંકની સુવિધાઓ મેળવવા માટે ઉપભોક્તાની માલિકીનો અથવા તેના દ્વારા ઉપયોગ કરાતો હોય.

12. **‘‘અંગત માહિતી’’**નો અર્થ ઉપભોક્તા દ્વારા ઉપલબ્ધ અથવા ઉપલબ્ધ કરવામાં આવનારી સુવિધાઓ સાથે સંબંધમાં અથવા જોડાણમાં યસ બેંકને ઉપભોક્તાએ આપેલી/અથવા યસ બેંકે પ્રાપ્ત કરેલી ઉપભોક્તા વિશેની માહિતી છે.

13. ‘‘પીપીઆઈ’’નો અર્થ સમયાંતરે સુધારિત મુજબ તારીખ 11 ઓક્ટોબર, 2017ના રોજ પ્રીપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ જારી અને સંચાલન કરવા પર માસ્ટર ડાયરેક્શન અન્વયે પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ છે, જે આવાં સાધનોમાં સંગ્રહિત મૂલ્ય સામે નાણાકીય સેવાઓ, રેમિટન્સ સુવિધાઓ વગેરે સહિત માલો અને સેવાઓની ખરીદીની સુવિધા આપે છે.

14. **‘‘લેણદેણ’’**નો અર્થ સમયાંતરે એપ્લિકેશન થકી યસ બેંક દ્વારા આપવામાં આવતી મર્ચન્ટ વેબસાઈટ્સ અથવા અન્ય સુવિધાઓ પર વિવિધ પ્રોડક્ટો અને સેવાઓની ચુકવણી માટે ફંડ ટ્રાન્સફર સેવા અથવા એપ્લિકેશનનો ઉપયોગ.

15. **‘‘ઉપભોક્તા’’**નો અર્થ યસ બેંકનો અકાઉન્ટ હોલ્ડર તેમ જ કોઈ પણ અન્ય વ્યક્તિ (યસ બેંકના મોજૂદ ગ્રાહકો નહીં હોવા જોઈએ અથવા યસ બેંક સાથે કોઈ પણ વેપાર સંબંધ નહીં હોવા જોઈએ) જે એપ્લિકેશન માટે નોંધણી કરાઈ હોય અથવા સુવિધાઓ લેવા માટે પાત્ર હોય.

16. ''યુપીઆઈ''નો અર્થ યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ છે, જે ભારતમાં મજબૂત ચુકવણી અને પતાવટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ કરવાના હેતુથી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ 2007ની જોગવાઈઓ હેઠળ ભારતમાં રિટેઈલ પેમેન્ટ્સ અને પતાવટ તંત્રોનું સંચાલન કરવા માટેની છત્રછાયા સંસ્થા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા વિકસિત મોબાઈલ ડિવાઈસ/એપ્લિકેશન પેમેન્ટ સિસ્ટમ દ્વારા તાત્કાલિક અસલ સમયમાં મની ટ્રાન્સફરની સુવિધા આપે છે.

17. ''વીપીએ''નો અર્થ વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ છે, જે યુપીઆઈના ભાગરૂપે જારી કરાય છે.

18. ''વર્ચ્યુઅલ કાર્ડ''નો અર્થ એપ્લિકેશનમાં યસ બેંક દ્વારા જારી વર્ચ્યુઅલ કાર્ડ છે.

19. ''ક્રેડિટ કાર્ડ''નો અર્થ યસ બેંકની વેબસાઈટમાં ઉલ્લેખિત નિયમો અને શરતોને આધીન યસ બેંક દ્વારા જારી ક્રેડિટ કાર્ડસ છે.

20. ''ટ્રાવેલ કાર્ડ''નો અર્થ યસ બેંકની વેબસાઈટ પર ઉલ્લેખિત નિયમો અને શરતોને આધીન યસ બેંક દ્વારા જારી મલ્ટી કરન્સી પ્રી-પેઈડ ઈન્સ્ટ્રુમેન્ટ છે.

21. ''સેવ્ડ કાર્ડ''નો અર્થ યસ પે પર ઉપભોક્તાઓ દ્વારા સેવ કરવામાં આવેલી ડેબિટ/ક્રેડિટ કાર્ડસની વિગતો છે.

22. ''ઓટો-રિફિલ''નો અર્થ વોલેટનું ઓટો-લોડિંગ કરાવતી સુવિધા છે.

**બી. પાત્રતા અને ઉપયોગિતાઃ**

1. આ સુવિધા ભારતમાં સ્થિત બધા ઉપભોક્તાઓને ઉપલબ્ધ કરાશે, જે આવા ઉપભોક્તાઓએ ભારતના પ્રદેશમાં ટેલિકોમ કંપની પાસે પ્રમાણિત મોબાઈલ નંબર નોંધાવવાને અને સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે પર્સનલાઈઝ્ડ પાસકોડ સ્થાપિત કરતાં, તેને મર્યાદિત નહીં પણ તેના સહિત, આવશ્યક વિશ્વસનીયતાને પ્રમાણિત કરવાની સ્થિતિમાં હોય તેને આધીન રહેશે.

2. આ સુવિધા અહીં ઉલ્લેખ મુજબ પાત્રતા માપદંડને સંતોષતા ઉપભોક્તાઓને જ ઉપલબ્ધ થશે અને તે યસ બેંકની એકમેવ મરજીથી રહેશે. ઉપભોક્તાઓ સંમત થાય અને સમર્થન આપે છે કે આ સુવિધાઓ ઉપભોક્તાને કોઈ પણ પૂર્વ-સૂચના અથવા માહિતી આપીને અથવા આપ્યા વિના, કોઈ પણ સમયે યસ બેંક દ્વારા બંધ કરી શકાશે.

**સી. અધિકૃતિઃ**

1. ઉપભોક્તા અફર અને બિનશરતી રીતે યસ બેંકને ઉપભોક્તાનાં અકાઉન્ટ(ન્ટ્સ) અને અંગત વિગતોને કોઈ પણ સમયે પહોંચ આપવાની અધિકૃતિ આપે છે, જે ઉપભોક્તાએ એપ્લિકેશનની નોંધણી અને ઓથેન્ટિકેશનના સમયે અથવા યસ બેંક પાસેથી સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે લેણદેણ દરમિયાન જાહેર કરેલી હોય.

2. ઉપભોક્તા વ્યક્ત, અફર અને બિનશરતી રીતે યસ બેંકને યસ બેંક દ્વારા આવશ્યક મુજબ, ઉપભોક્તાને સૂચના *(મૌખિક અથવા લેખિત)* અથવા સંમતિની કોઈ પણ આવશ્યકતા વિના, તેના કબજામાંની બધી ઉપભોક્તા માહિતી કોઈ પણ સેવા પ્રદાતા અથવા કોઈ પણ અન્ય તૃતીય પક્ષને જાહેર કરવાની અધિકૃતિ આપે છે.

3. ઉપભોક્તા વ્યક્ત, અફર અને બિનશરતી રીતે યસ બેંકને તેની એકમેવ મરજીથી નિશ્ચિત કરાઈ શકે તે આવા સમય અને મુદત માટે ઉપભોક્તાની વિગતો અને લેણદેણની વિગતોની નોંધ, જાળવણી અને સંવર્ધન કરવા માટે યસ બેંકને અધિકૃતિ આપે છે.

4. ઉપભોક્તા વ્યક્ત, અફર અને બિનશરતી રીતે યસ બેંક અને/અથવા તેના એજન્ટો/પ્રતિનિધિઓને સમયાંતરે યસ બેંક દ્વારા રજૂ અથવા લોન્ચ કરવામાં આવનારી કોઈ પણ મોજૂદ પ્રોડક્ટો અથવા કોઈ પણ નવી પ્રોડક્ટો સંબંધમાં માહિતી સહિત કોઈ પણ પ્રમોશનલ ઓફર વિશે અથવા ઉપભોક્તાના જ્ઞાન માટે યોગ્ય છે એવું યસ બેંક વિચારે તે કોઈ પણ ગ્રીટિંગ્સ, બેનરો અથવા અન્ય પ્રમોશનલ સંદેશાઓ વિશે ઉપભોક્તાને માહિતગાર કરવા માટે ઉપભોક્તાના મોબાઈલ નંબર પર કોઈ પણ મેસેજ મોકલી શકે અથવા કોલ્સ કરી શકે તેવી અધિકૃતિ આપે છે.

5. ઉપભોક્તા વ્યક્ત, અફર અને બિનશરતી રીતે યસ બેંકને સંબંધિત સુવિધાઓ હેઠળ યસ બેંક દ્વારા નિર્ધારિત આવશ્યકતાઓ અન્વયે ઉપભોક્તાએ વિનંતી કરી નથી, એવું યસ બેંક પોતાની મરજીથી શોધી કાઢે તો કોઈ પણ લેણદેણની વિનંતીનો કોઈ પણ નકાર મેસેજ અથવા નકાર મોકલવા માટે યસ બેંકને અધિકૃતિ આપે છે. યસ બેંક દ્વારા લેવામાં આવેલા બધા નિર્ણયો ઉપભોક્તા માટે લાગુ અને બંધનકારક છે.

6. ઉપભોક્તા અફર અને બિનશરતી રીતે યસ બેંકને યસ બેંક દ્વારા આપવામાં આવેલી અથવા આવનાર સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે યસ બેંક અથવા કોઈ પણ અન્ય બેંક પાસે જાળવવામાં આવેલાં અકાઉન્ટ(ન્ટ્સ)માંથી ડેબિટ કરવાની અધિકૃતિ ધરાવે છે.

7. ઉપભોક્તા બિનશરતી રીતે યસ બેંકને સેવ્ડ કાર્ડ સુવિધા ઉપયોગ કરવાનું ઉપભોક્તાએ અપનાવ્યું હોય તે કિસ્સામાં કાર્ડની વિગતો સેવ/સંગ્રહ કરવા માટે અધિકૃતિ આપે છે.

8. ઉપભોક્તા બિનશરતી રીતે યસ બેંકને એપ્લિકેશન પર ઓટો-રિફિલ સુવિધા ઉપભોક્તાએ અપનાવ્યા પછી સેવ્સ કાર્ડ ડેબિટ કરીને વોલેટ લોડ કરવાની અધિકૃતિ આપે છે.

9. ઉપભોક્તા અફર અને બિનશરતી રીતે યસ બેંકને એનપીસીઆઈ દ્વારા જારી લાગુ માર્ગદર્શિકા અંતર્ગત યુપીઆઈ નોધણીના ભાગરૂપે ઉપભોક્તાના મોબાઈલ નંબરમાંથી આઉટવર્ડ એસએમએસ મોકલવા માટે અધિકૃતિ આપે છે.

## ડી. ઉપભોક્તાઓ દ્વારા આલેખન અને વોરન્ટીઓઃ

1. ઉપભોક્તા સમજે, સંમત અને સમર્થિત થાય છે કે ફેસબુક અકાઉન્ટ, મોબાઈલ ફોન, ડેટા કનેક્શન વગેરેને મર્યાદિત નહીં પણ તેના સહિત સુવિધાઓ હેઠળ અમુક લાભોને પહોંચ અને ઉપલબ્ધ કરવાની પૂર્વ-આવશ્યકતા તરીકે સમાવેશ હોય તેવી કોઈ પણ શરતો ઉપભોક્તાની એકમેવ મરજીથી રહેશે અને તેની જવાબદારી રહેશે.

2. ઉપભોક્તા સંમત, સમર્થન અને સ્વીકાર કરે છે કે ઉપભોક્તા દ્વારા હાથ ધરવામાં આવેલી લેણદેણ સાથે સંબંધમાં યસ બેંક દ્વારા ઊપજાવેલા, જાળવેલા અને સંવર્ધન કરેલા બધા રેકોર્ડ્સ, ડેટા અને વિગતો અથવા ઉપભોક્તા દ્વારા ઉપલબ્ધ કરાયેલી સુવિધાઓ લેણદેણની અસલિયત અને અચૂકતાનો તારણાત્મક પુરાવો રહેશે.

3. ઉપભોક્તા સંમત, સમર્થન અને સ્વીકાર કરે છે કે યસ બેંક દ્વારા ઊપજાવવામાં, જાળવવામાં અને સંવર્ધન કરવામાં આવેલા બધા રેકોર્ડ્સ, ડેટા અને વિગતો સંબંધમાં કોઈ પણ દાવો, વિખવાદ અથવા વાંધા, ગમે તે હોય તો પણ તેના વિના ઉપભોક્તા પર તે લાગુ, આખરી અને બંધનકારક રહેશે.

4. ઉપભોક્તા અફર અને બિનશરતી રીતે સંમત અને માન્ય થાય છે કે યસ બેંક અને/અથવા તેના એજન્ટો/પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલા બધા કોલ્સ અથવા મેસેજીસ ઉપભોક્તાની ગોપનીયતાનો ભંગ કરે છે એવું ઉપાર્જિત નહીં કરવું અને ઉપભોક્તા આ સંબંધમાં તે માટે યસ બેંક અને/અથવા તેના એજન્ટો/પ્રતિનિધિઓને જવાબદાર નહીં ગણશે.

5. ઉપભોક્તા વ્યક્ત રીતે સંમતિ અને સમર્થન આપે છે કે એપ્લિકેશન થકી ઉપભોક્તાઓની બધી વિનંતી(ઓ) અથવા લેણદેણ(ણો) અને/અથવા તેની વિનંતી યસ બેંક દ્વારા ઉપભોક્તા પાસેથી પ્રાપ્ત કરવામાં આવી કોઈ પણ વિનંતીઓ અથવા લેણદેણની વિશ્વસનીયતા તપાસ કરવાની યસ બેંકની કોઈ પણ જવાબદારી વિના યસ બેંક દ્વારા હાથ ધરાશે અથવા પ્રક્રિયા કરાશે.

6. યસ બેંક સમયાંતરે આ સુવિધા થકી કોઈ પણ નવી સેવાઓ રજૂ કરવાનો વિકલ્પ ધરાવે છે અને ઉપભોક્તા આવી નવી સેવાઓ માટે ઉપભોક્તાની નોંધણી કરવા યસ બેંકને વ્યક્ત રીતે અધિકૃતિ આપી છે એવું ધારવામાં આવશે.

7. ઉપભોક્તા સમયાંતરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (''આરબીઆઈ'') દ્વારા નિર્ધારિત મુજબ ફંડ્સ ટ્રાન્સફરનું શાસન કરતાં લાગુ એન્ટી-મની લોન્ડરિંગ (એએમએલ)નું પાલન કરશે.

8. જો ઉપભોક્તાને યસ બેંકમાં આપવામાં આવેલી માહિતીમાં ભૂલો અથવા ખામીઓ છે એવી શંકા હોય તો આવી ભૂલો અથવા ખામીઓ વિશે તાત્કાલિક યસ બેંકનો લેખિતમાં જાણ કરશે. યસ બેંક ઉત્તમ પ્રયાસોના ધોરણે શક્ય હોય ત્યારે સુચારુ રીતે આવી ખામીઓ અથવા ભૂલો સુધારવા અથવા ફેરફાર કરવા પ્રયાસ કરશે.

9. ઉપભોક્તા સ્વીકાર કરે છે કે યસ બેંક પાસે ઉપભોક્તા દ્વારા નોંધાયેલા મોબાઈલ ફોન અથવા મોબાઈલ નંબરથી થતી કોઈ પણ લેણદેણ ઉપભોક્તા દ્વારા જ કરવામાં આવેલી પહેલ હોવાનું ધારવામાં આવશે અને તે ઉપભોક્તાની મુક્ત ઈચ્છાશક્તિ, સંમતિ અને એકમેવ મરજીથી હશે.

10. ઉપભોક્તાએ જો તેના અકાઉન્ટમાં કોઈ પણ અનધિકૃત લેણદેણ થઈ છે તે વિશે જાણ થાય તો યસ બેંકને જાણ કરવાની જવાબદારી છે.

11. ઉપભોક્તા સંમતિ અને સમર્થન આપે છે કે સુવિધાઓનો ઉપયોગ કરીને ઉપભોક્તા અહીં ઉલ્લેખિત બધા નિયમો અને શરતોને અને સમયાંતરે યસ બેંક દ્વારા નિર્ધારિત નિયમો અને શરતોને સંમતિ આપે છે અને ઉપભોક્તાએ લેખિતમાં તેવી સંમતિ આપી હોય તે જ રીતે ઉપભોક્તા પર તે બંધનકારક હશે.

12. સુવિધાઓ હેઠળ બધા હેતુઓ માટે ઉપભોક્તા સુવિધાઓ થકી આપવામાં આવેલા એપ્લિકેશનનો અનધિકૃત અને ગેરકાનૂની ઉપયોગ ટાળવા માટે બધી જરૂરી સાવચેતીઓ લેશે.

13. ઉપભોક્તા પાસકોડ/ઓટીપી/કોડ/પાસવર્ડની ગોપનીયતા જાળવવાની અને આવા પાસકોડ/ઓટીપી/કોડ/પાસવર્ડના ઉપયોગ અથવા દુરુપયોગથી ઉદભવી શકે તે બધાં પરિણામો માટે પોતે જવાબદાર રહેશે.

14. ઉપભોક્તા આ સુવિધાઓનો ઉપયોગ કરવા સમયે ગેરકાયદે, હાનિકારક, ખતરો, અપશબ્દો, અશ્લીલ, સતામણી, બદનક્ષી, બીભત્સ, નગ્નતા, અસભ્ય, નકામી, બદનામીભરી, ત્રાસદાયક, ધિક્કારદાયક, જાતિવાદ હોય, નૈતિક, સામાજિક, રાજકીય, કાનૂની, ધાર્મિક રીતે વાંધાજનક હોય તેવી કોઈ પણ કન્ટેન્ટ અપલોડ, ડાઉનલોડ, પોસ્ટ કે અન્યથા ટ્રાન્સમિટ નહીં કરશે અથવા સેલિબ્રિટીના અધિકારો અથવા તેમની ગોપનીયતા અથવા બૌદ્ધિક સંપદાને મર્યાદિત નહીં પણ તેના સહિત અન્યના અધિકારોમાં ઘૂસણખોરી નહીં કરશે.

15. ઉપભોક્તા સંમતિ, સમર્થન અને સ્વીકાર કરે છે કે યસ બેંક બધી લેણદેણના રેકોર્ડસ, યસ બેંકની એકમેવ મરજીથી કોઈ પણ સ્વરૂપ અથવા પદ્ધતિમાં રાખી શકે છે. કોઈ પણ વિખવાદના કિસ્સામાં યસ બેંકના રેકોર્ડસ એપ્લિકેશન થકી હાથ ધરવામાં આવેલી આવી લેણદેણના બંધનકારક અને તારણાત્મક પુરાવા રહેશે.

16. ઉપભોક્તા યસ બેંક દ્વારા અધિકૃતિ સિવાયની કોઈ પણ રીતે એપ્લિકેશનનો ઉપયોગ અથવા એક્સેસ નહીં કરશે. જો ઉપભોક્તા કોઈ પણ અન્ય હેતુઓ માટે એપ્લિકેશનનો ઉપયોગ કરે અથવા જો આવા હેતુઓ અનધિકૃત, અયોગ્ય હોય અથવા આ નિયમો અને શરતો હેઠળ અધિકૃત નહીં હોય તો યસ બેંક ઉપભોક્તા દ્વારા આવા અનધિકૃત એક્સેસ નિવારવા માટે બધા જવાબદાર પગલાં લેવાનો અથવા કાર્યવાહી કરવાનો અધિકાર ધરાવે છે.

17. ઉપભોક્તા સંમતિ અને સમર્થન આપે છે કે એપ્લિકેશનની સમયાંતરે જાળવણી આવશ્યક બની શકે છે અને આવા સમય દરમિયાન ઉપભોક્તાઓની વિનંતી અથવા લેણદેણની પ્રક્રિયા કરવાનું શક્ય નહીં બની શકે.

18. ઉપભોક્તા તેને યસ બેંક દ્વારા આપવામાં અથવા મંજૂર કરવામાં આવેલી સુવિધાઓનો ઉપયોગ કરવાના હેતુથી લાગુ શરત અનુસાર યસ બેંકને ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલી માહિતીની અચૂકતા માટે સંપૂર્ણ જવાબદારી લે છે.

## ઈ. ઉપભોક્તાની લાયેબિલિટીઃ

1. ઉપભોક્તા યસ બેંકને તેના દ્વારા આપવામાં આવેલી બધી અથવા કોઈ પણ માહિતીની અચૂકતા અને સચ્ચાઈ માટે પોતે જ ઉત્તરદાયી અને જવાબદાર રહેશે.

2. ઉપભોક્તા એપ્લિકેશન થકી અથવા યસ બેંકના કોઈ પણ મર્ચન્ટ ઓપરેટર/સેવા પ્રદાતાઓ થકી હેતુના અથવા સાચા લાભાર્થીને બધાં ફંડ ટ્રાન્સફર્સ માટે એકમાત્ર ઉત્તરદાયી અને જવાબદાર રહેશે.

3. ઉપભોક્તા એપ્લિકેશન થકી આપવામાં આવેલી સુવિધાઓ મેળવવા માટે યસ બેંકને ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલી માહિતીમાં કોઈ પણ ખામી અથવા ભૂલો માટે એકમાત્ર ઉત્તરદાયી અને જવાબદાર રહેશે.

4. ઉપભોક્તા યસ બેંક દ્વારા તેને આપવામાં આવેલી અથવા આવનાર સુવિધાઓનો ઉપયોગ કરવા માટે આવશ્યક તેના મોબાઈલ ફોન, મોબાઈલ નંબર અને પાસકોડનું રક્ષણ કરવા માટે એકમાત્ર ઉત્તરદાયી અને જવાબદાર રહેશે.

5. ઉપભોક્તા પાસકોડ/પાસવર્ડ્સ અથવા એપ્લિકેશનના કોઈ પણ અનધિકૃત અથવા ગેરકાનૂની ઉપયોગ માટે અથવા યસ બેંકનાં કોઈ પણ ઠગાઇયુક્ત અથવા ભૂલભરેલી સૂચનાઓ આપવા માટે યસ બેંકને ઉત્તરદાયી અને જવાબદાર રહેશે.

6. ઉપભોક્તા તેના હિસ્સામાં કોઈ પણ કૃત્ય કે કામને લીધે ઉદભવનાર સર્વ અથવા કોઈ પણ નુકસાન માટે યસ બેંકને ઉત્તરદાયી અને જવાબદાર રહેશે અને ઉપભોક્તા એપ્લિકેશનમાં તેના વતી કરવામાં આવેલા આવા કોઈ પણ અનધિકૃત ઉપયોગ/એક્સેસ અથવા ઓટીપી/પાસકોડ/પાસવર્ડના દુરુપયોગ અથવા તેને જ્ઞાન હોય અથવા સાચું છે એવું માને તે સુવિધાઓ સંબંધમાં સલામતીના કોઈ પણ અન્ય ભંગ વિશે યસ બેંકને તાત્કાલિક જાણ કરશે.

7. ઉપભોક્તા તેના મોબાઈલ નંબરમાં કોઈ પણ ફેરફારના કિસ્સામાં અથવા ઉપભોક્તાનો મોબાઈલ ફોન જો ગેરવલ્લે થઈ જાય અથવા ઉપભોક્તા મોબાઈલ ફોન કોઈ પણ અન્ય તૃતીય પક્ષને ફાળવે અથવા નિયુક્ત કરે તેવા કિસ્સામાં બધી સુવિધાઓ નિલંબિત કરવાને મર્યાદિત નહીં પણ તેના સહિત યસ બેંકને કરવામાં આવેલી કોઈ પણ વિનંતી માટે પોતે ઉત્તરદાયી અને જવાબદાર રહેશે.

8. ઉપભોક્તા અફર અને બિનશરતી રીતે સમયાંતરે યસ બેંક દ્વારા કરવામાં આવતા કોઈ પણ બદલાવ, સુધારણા અથવા ફેરફાર સહિત અહીં સમાવિષ્ટ નિયમો અને શરતોનું જો ઉપભોક્તા ઉલ્લંઘન કરે તો સર્વ નુકસાન *(વાસ્તવિક અને આકસ્મિક)* અથવા હાનિ અથવા દાવા અથવા માગણી માટે યસ બેંકને ઉત્તરદાયી રહેશે.

9. ઉપભોક્તા પહોચ અને સંમતિ આપે છે કે યસ બેંક દ્વારા આપવામાં આવેલું એપ્લિકેસન ઉપભોક્તાના પોતાના જોખમ અને જવાબદારીએ છે અને આવાં જોખમમાં સમાવિષ્ટ છે (i) યસ બેંકના નિયંત્રણની બહાર કોઈ પણ ટેકનિકલ ભૂલો, નિષ્ફળતા, ગૂંચ, નેટવર્ક નિષ્ફળતા, કાનૂની મર્યાદાઓ અને અન્ય કારણો; (ii) ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલી કોઈ પણ માહિતી ખોટી/બિનઅચૂક/ખામીયુક્ત નીકળે; (iii) પ્રક્રિયામાં સંકળાયેલી કોઈ પણ સેવા પ્રદાતા/અન્ય તૃતીય પક્ષ/કંપનીની કામગીરી માટે; (iv) ફંડ ટ્રાન્સફરમાંથી ઉદભવનાર કોઈ પણ ભૂલ, ખામી, નિષ્ફળતા અથવા સેવાનો અવરોધ અથવા પરિણામો માટે; (v) ઓનલાઈન/ઈલેક્ટ્રોનિક સૂચનાઓની ટ્રાન્સમિશન ડિલિવરીમાં કોઈ પણ વિલંબ અથવા ડિલિવરી નહીં થવી અથવા ટ્રાન્સમિશન કે ડિલિવરીમાં અથવા કોઈ પણ કારણસર સૂચનાઓ ઉકેલવામાં અથવા યસ બેંકના નિયંત્રણની બહાર હોય તેવા કોઈ પણ કિસ્સામાં કોઈ પણ ભૂલ, ખામી અથવા ત્રુટિ માટે.

**એફ. યસ બેંકની લાયેબિલિટીના અપવાદો:**

1. ઉપભોક્તા વધુમાં સમજે, સંમત થાય અને સમર્થન આપે છે કે યસ બેંક કોઈ પણ લેણદેણ માટે કોઈ પણ રીતે કોઈ પણ જવાબદારી લેશે નહીં, સિવાય કે અન્યથા અહીં વ્યક્ત કરવામાં આવ્યું હોય, જે ઉપભોક્તા અને અન્ય મર્ચન્ટ ઓપરેટરો/સેવા પ્રદાતાઓ વચ્ચે થઈ હોય.

2. યસ બેંક ઉપભોક્તાની માહિતી ગોપનીય રાખવામાં આવે તેવા સર્વ વ્યવહારુ પ્રયાસો કરશે. જોકે યસ બેંક તેના દ્વારા અને/અથવા તેના કર્મચારી અથવા એજન્ટો અથવા પ્રતિનિધિઓ દ્વારા કોઈ પણ કૃતિ, પ્રયાસ કે હાથ ધરવામાં આવી માહિતી કોઈ પણ રીતે જાહેર કે બહાર આવે તે માટે ગમે તે રીતે જવાબદાર અથવા ઉત્તરદાયી નહીં રહેશે.

3. યસ બેંક એપ્લિકેશન સાથે સંબંધમાં ઉપભોક્તા દ્વારા આમંત્રિત કોઈ પણ ત્રીજી વ્યક્તિઓ અથવા પાર્ટીઓને જવાબદાર અથવા ઉત્તરદાયી નહીં રહેશે, સિવાય કે આવી ત્રીજી વ્યક્તિઓ અથવા પાર્ટીઓ એપ્લિકેશન પર ઉપભોક્તા તરીકે નોંધણી કરાઈ હોય.

4. ઉપભોક્તા સમર્થન અને સંમતિ આપે છે કે યસ બેંક દ્વારા એપ્લિકેશન પર આપવામાં આવતી સુવિધાઓ વાઈરસ અથવા અન્ય બદઈરાદાના, વિનાશક અથવા ભ્રષ્ટ કોડ અને પ્રોગ્રામથી અસરગ્રસ્ત થઈ શકે છે અને યસ બેંક કોઈ પણ રીતે તે માટે ઉત્તરદાયી અથવા જવાબદાર નહીં રહેશે.

5. યસ બેંક તેના દ્વારા હાથ ધરવામાં આવનાર એપ્લિકેશનની કોઈ પણ જાળવણીને ખાતે સૂચનાઓની પ્રક્રિયાઓમાં કોઈ પણ વિલંબ અથવા સૂચનાઓની પ્રક્રિયામાં નિષ્ફળતા માટે ઉત્તરદાયી નહીં રહેશે.

6. યસ બેંક કોઈ પણ કારણસર ઉપભોક્તાની કોઈ પણ સૂચનાનું પાલન કરવામાં યસ બેંકની કોઈ પણ નિષ્ફળતા અથવા અસક્ષમતામાંથી નુકસાનમાંથી પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ ઉદભવનાર અથવા અન્યથા નુકસાન માટે સર્વ અને કોઈ પણ ઉત્તરદાયિત્વનો અસ્વીકાર કરે છે.

7. યસ બેંક આવા એપ્લિકેશનનો ઉપયોગ કરીને ઉપભોક્તાને ખાતે, ઉપભોક્તાની વિશ્વસનીયના કોઈ પણ ભંગ માટે જવાબદાર અથવા ઉત્તરદાયી નહીં રહેશે.

8. ઉપભોક્તા સંમતિ આપે છે કે યસ બેંક નિમ્નલિખિત સંબંધમાં કોઈ જવાબદારી અથવા ઉત્તરદાયિત્વ સ્વીકારશે નહીં: (i) સારા હેતુથી ઉપભોક્તાની સૂચના પર આધાર રાખીને યસ બેંક દ્વારા હાથ ધરવામાં આવનારી કોઈ પણ લેણદેણ; (ii) ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલી સૂચના અસલ નથી અથવા અન્યથા અસ્પષ્ટ, અયોગ્ય, ધૂંધળી અથવા શંકાસ્પદ અથવા કાયદાથી વિસંગત છે એવું પોતાની એકમેવ મરજીથી માનવાને યસ બેંક પાસે કારણ હોય ત્યાં લેણદેણ હાથ નહીં ધરે; (iii) ટ્રાન્સફર/રેમિટન્સના વિલંબમાંથી ઉદભવનાર સેવામાં કોઈ પણ ભૂલ, ખામી, નિષ્ફળતા અથવા અવરોધ અથવા પરિણામો માટે અને યસ બેંકના નિયંત્રણની બહાર હોય તેવા કોઈ પણ કારણસર ઉપભોક્તા દ્વારા ઉદભવનાર અથવા ભોગવનાર કોઈ પણ નુકસાન અથવા હાનિ માટે; (iv) સુવિધાઓનો ઉપયોગ કરીને તૃતીય પક્ષને ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલી માહિતી/સૂચનાઓથી કોઈ પણ તૃતીય પક્ષ દ્વારા કોઈ પણ અનધિકૃત એક્સેસ; (v) સુવિધાઓ લેવા સમયે ઉપભોક્તાને ઉદભવનાર કોઈ પણ પ્રત્યક્ષ, અપ્રત્યક્ષ અથવા પરિણામકારી હાનિઓ માટે.

9. ઉપભોક્તા સંમત છે કે યસ બેંક ગોપનીય પ્રકારની બધી માહિતી જાહેર થવાને લીધે ઉપભોક્તા દ્વારા પેદા થનાર અથવા ભોગવનાર કોઈ પણ નુકસાન, હાનિ, લાયેબિલિટી સંબંધમાં કોઈ જવાબદારી અથવા ઉત્તરદાયિત્વ લેશે નહીં.

10. યસ બેંક ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલી માહિતીની અચૂકતાની ખાતરી રાખવા માટે યસ બેંક દ્વારા લેવામાં આવેલાં જરૂરી પગલાં છતાં ઉદભવેલી અથવા ઉદભવી શકનારી કોઈ પણ ઘટનાત્મક ભૂલ માટે જવાબદાર નહીં રહેશે અને ઉપભોક્તા યસ બેંક દ્વારા આપવામાં આવેલી બિન–અચૂક માહિતીના પરિણામે ઉપભોક્તા દ્વારા ભોગવનાર અથવા ભોગવવા પડનાર કોઈ પણ નુકસાન કે હાનિની ઘટનામાં યસ બેંક સામે કોઈ પણ દાવો ધરાવશે નહીં.

11. યસ બેંક ઉપભોક્તાને ભોગવવી પડી શકે તેવી કોઈ પણ ખામીભરી અથવા ખરાબ સેવાઓ અથવા કોઈ પણ નુકસાન માટે ઉત્તરદાયી નહીં રહેશે.

**જી. સેવાના નિયમોઃ**

1. યસ બેંક દ્વારા એપ્લિકેશન થકી ઉપભોક્તાની ચોક્કસ વિનંતી પર જ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

2. ઉપભોક્તાએ યસ બેંક દ્વારા પૂરી પાડવામાં આવેલી અથવા આવનાર એપ્લિકેશન માટે નોંધણી સફળતાથી પૂર્ણ થવા માટે યસ બેંક દ્વારા આવશ્યક મુજબ તેની વિગતોની નોંધણી કરાવવાનું આવશ્યક છે.

3. ઉપભોક્તાએ સમયાંતરે યસ બેંક દ્વારા આપવામાં આવેલા અથવા આપવાનું પ્રસ્તાવિત એપ્લિકેશન પર ઉપલબ્ધ અનુસાર દરેક વિશિષ્ટતાઓ અથવા સુવિધાઓ માટે તેની વિગતોની નોંધણી કરાવવાનું આવશ્યક છે.

4. વોલેટ ઉપલબ્ધ અને/અથવા સક્રિય કરવા માટે પૂર્વ–શરત તરીકે ઉપભોક્તાએ યુઆઈડીએઆઈ (યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા જારી આધાર નંબર અથવા યસ બેંક અકાઉન્ટ હોલ્ડરોને જારી કસ્ટમર આઈડી પૂરી પાડવાનું આવશ્યક છે, જે વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) દ્વારા વેલિડેટ કરાશે. આધાર નંબર અથવા કસ્ટમર આઈડીના સફળ વેલિડેશન પછી જનસાંખ્યિક વિગતો, જેમ કે, નામ, સરનામું વગેરે જ આધાર અથવા કસ્ટમર આઈડી સામે નોંધ કરાયાં હોય તે વોલેટની નોંધણી માટે ધ્યાનમાં લેવાશે. મોજૂદ વોલેટ ઉપભોક્તાઓ, જેઓ વોલેટ જારી કરવાની તારીખથી 1 (એક) વર્ષમાં તેમનો આધાર નંબર અથવા યસ બેંક કસ્ટમર આઈડી (યસ બેંક દ્વારા જારી મુજબ) વેલિડેટ નહીં કરે અથવા નિષ્ફળ જાય તો ઉપભોક્તાને કોઈ પણ વધુ સૂચના આપ્યા વિના અથવા યસ બેંક વતી કોઈ પણ પ્રકારનાં જોખમ, જવાબદારી અથવા ઉત્તરદાયિત્વ વિના આવા વોલેટ્સ નિષ્ક્રિય અને રદ કરવાનો એકમેવ અધિકાર અને મરજી ધરાવે છે.

5. ઉપભોક્તા બિનશરતી રીતે સંમત થાય અને સમર્થન આપે છે કે વોલેટનો ઉપયોગ નિમ્નલિખિત શરતોને આધીન રહેશેઃ (એ) ઉપભોક્તાની સફળ નોંધણી પર સમયાંતરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા આપવામાં આવેલી મંજૂરી અનુસાર ડિફોલ્ટ લિમિટ્સ સર્વ વોલેટ્સને લાગુ થશે. આ લિમિટ્સ સર્વ પાર્ટનર વોલેટ્સમાં લાગુ એકત્રિત લિમિટ્સ રહેશે. (બી) વોલેટમાંથી ઉપભોક્તાના બેંક અકાઉન્ટમાં ફંડ ટ્રાન્સફર માટે ઉપભોક્તાએ એપ્લિકેશનમાં લાભાર્થી તરીકે બેંક અકાઉન્ટ્સની વિગતો ઉમેરવાનું આવશ્યક છે. યસ બેંક કૂલિંગ સમયગાળો (કલાકોઃ મિનિટોમાં) રજૂ કરી શકે છે, જે પછી લાભાર્થીના અકાઉન્ટસમાં

ટ્રાન્સફર એનેબલ્ડ થઈ શકે છે. યસ બેંક ચોક્કસ ઉપભોક્તા દ્વારા ઉમેરવામાં આવી શકે તે મહત્તમ લાભાર્થીઓ પર કેપ પણ રજૂ કરી શકે છે. (સી) આરબીઆઈ દ્વારા ફરજિયાત સંપૂર્ણ કેવાયસી (નો યોર કસ્ટમર) પ્રક્રિયા ઉપભોક્તા દ્વારા વૉલેટ સક્રિય અને/અથવા ઉપલબ્ધ કર્યાની તારીખથી 1 (એક) વર્ષમાં ઉપભોકતા દ્વારા પૂર્ણ કરવાની રહેશે. જો કેવાયસી પ્રક્રિયાનું પાલન નહીં કરાય અથવા પૂર્ણ નહીં કરાય તો યસ બેંકને ઉપભોક્તાને કોઈ પણ વધુ સૂચના આપ્યા વિના અને યસ બેંક વતી કોઈ પણ પ્રકારનાં જોખમ, જવાબદારી કે ઉત્તરદાયિત્વ વિના આવા વૉલેટ્સ અસક્રિય અથવા રદ કરવાનો એકમેવ અધિકાર અને મરજી ધરાવે છે. વૉલેટ્સમાંથી અથવા તેમાં બધી ક્રેડિટ્સ, ડેબિટ્સ અથવા ટ્રાન્સફર યસ બેંક અનુસાર કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવા પર જ મંજૂર કરાશે. આ સંબંધમાં યસ બેંકનો નિર્ણય ઉપભોક્તા માટે આખરી અને બંધનકારક રહેશે.

6. ઉપભોક્તા સંમતિ આપે અને સમર્થન આપે છે કે વર્ચ્યુઅલ કાર્ડ એ ઉપલબ્ધ વર્ચ્યુઅલ કાર્ડ નિયમો અને શરતો દ્વારા શાસિત કરાશે અને સમયાંતરે વેબસાઈટ www.yesbank.in પર અપડેટ કરાશે અને વર્ચ્યુઅલ કાર્ડ સામે બેલેન્સ વૉલેટમાં બેલેન્સની સમકક્ષ રહેશે.

7. ઉપભોક્તા સંમત થાય અને સમર્થન આપે છે કે એપ્લિકેશન થકી ક્રેડિટ કાર્ડ સુવિધા લેવા માટે ઉપભોક્તાએ નિમ્નલિખિત શરતોનું પાલન કરવાનું આવશ્યક છેઃ (એ) ઉપભોક્તાએ પ્રમાણિત યસ બેંક ક્રેડિટ કાર્ડ ધરાવવું જોઈએ (બી) ઉપભોક્તા પાસે એપ્લિકેશન પર આવી ક્રેડિટ કાર્ડની વિગતો નોંધેલી હોવી જોઈએ.

8. ઉપભોક્તા સંમત થાય અને સમર્થન આપે છે કે એપ્લિકેશન થકી ટ્રાવેલ કાર્ડ સુવિધા લેવા માટે ઉપભોક્તાએ નિમ્નલિખિત શરતોનું પાલન કરવાનું આવશ્યક છેઃ (એ) ઉપભોક્તા પાસે પ્રમાણિત ટ્રાવેલ કાર્ડ હોવું જોઈએ (બી) ઉપભોક્તાએ એપ્લિકેશન પર આવા પ્રમાણિત ટ્રાવેલ કાર્ડની વિગતો નોંધેલી હોવી જોઈએ.

9. ઉપભોક્તા સંમત થાય અને સમર્થન આપે છે કે સુવિધાઓ લેવાના હેતુથીઃ (એ) એપ્લિકેશન ફ્રેન્ડ લિસ્ટ, મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી મેળવવા માટે ઉપભોક્તાની સોશિયલ પ્રોફાઈલને એક્સેસ કરશે અને વિનંતી ઉપભોકતાની ચોક્કસ વિનંતી પર એપ્લિકેશન જોડવા માટે તૃતીય પક્ષના આવા ઉપભોક્તાઓને ફોર્વર્ડ કરાશે; (બી) એપ્લિકેશન ઉપભોક્તાની સોશિયલ પ્રોફાઈલ, મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડીનું નોટિફિકેશન મોકલશે; (સી) ઉપભોક્તા એપ્લિકેશન્સમાં પોતાનાં બેંક અકાઉન્ટ્સની વિગતો ઉમેરી શકે છે; (ડી) ઉપભોક્તાની યસ બેંક અથવા અન્ય બેંક અકાઉન્ટની વિગતો યસ બેંકની એકમેવ મરજીએ નક્કી કરાય તે મુજબ સમય અને મુદત સુધી યસ બેંકના સર્વર ડેટાબેઝમાં સંગ્રહ કરાશે; (ઈ) ઉપભોક્તા યસ બેંક દ્વારા આપવામાં આવેલી સુવિધાઓ હેઠળ કોઈ પણ ફંડ ટ્રાન્સફર કરવા માટે યસ બેંક દ્વારા સ્થાપિત મર્યાદાનું પાલન કરશે.

10. ઉપભોક્તા સમર્થન આપે છે કે યસ બેંક દ્વારા ઉપભોક્તાને આપવામાં આવેલી કોઈ પણ સૂચનાઓ સુવિધાઓ લેવા માટે ઉપભોક્તા દ્વારા ઓટીપી/પાસકોડ/પાસવર્ડના વેલિડેશન પછી જ અમલી બનશે.

11. ઉપભોક્તા સંમત થાય અને સમર્થન આપે છે કે લેણદેણ સાકાર થયા પછી ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલી કોઈ પણ સ્ટોપ-પેમેન્ટ સૂચના યસ બેંક દ્વારા સ્વીકારાશે નહીં અને/અથવા તેની પર પગલાં લેવાશે નહીં.

12. ઉપભોક્તા સંમત થાય અને સમર્થન આપે છે કે ચોક્કસ વીપીએની ફાળવણી ચોક્કસ વીપીએની ઉપલબ્ધતાને આધીન છે અને યસ બેંકની એકમેવ મરજીથી રહેશે. ઉપભોક્તા પહોંચ આપે છે કે યસ બેંક વીપીએનું કોઈ પણ ડુપ્લિકેશન અથવા એક જ વીપીએ ઘણા બધા ઉપભોક્તાઓને ફાળવવામાં આવે તે મંજૂર નહીં કરશે.

13. ઉપભોક્તા સુવિધાનો ઉપયોગ કરવા સમયે નિમ્નલિખિતની ખાતરી રાખશેઃ (i) ઉપભોક્તા પાસે સુવિધાઓ એક્સેસ અને ઉપલબ્ધ કરવાની સત્તા છે; (ii) ઉપભોક્તાએ આવી સુવિધાઓ સંબંધમાં ભારતમાં પ્રવર્તમાન લાગુ કાયદા અને નિયમનનું પાલન કર્યું છે; (iii) ઉપભોક્તા તેને સુવિધાઓ પૂરી પાડવા માટે યસ બેંક દ્વારા આવશ્યક અનુસાર આવી બધી માહિતી અને/અથવા સહાય યસ બેંકને પૂરી પાડશે; (iv) ઉપભોક્તા કોઈ પણ સમયે યસ બેંક પાસે અથવા કોઈ પણ અન્ય બેંક પાસે સમયાંતરે તેને ફાળવવામાં આવતા પાસવર્ડ, અકાઉન્ટ નંબર સહિતની વિગતો કોઈ પણ વ્યક્તિને કોઈ પણ સમયે નહીં આપશે.

14. ઉપભોક્તા પહોંચ આપે અને સંમત થાય છે કે યસ બેંક સુવિધાઓ આપવા માટે ફક્ત સુવિધા આપનાર છે અને યસ બેંક સુવિધાઓ માટે કોઈ પણ જવાબદારીની બાંયધરી અથવા દાવો કરતી નથી કે યસ બેંક આવી કોઈ પણ સુવિધાઓ અથવા તૃતીય પક્ષના વેપારીઓનું સ્થાયીપણું અથવા નામનાને એન્ડોર્સ કરતી નથી.

15. ઉપભોક્તા પહોંચ આપે અને સંમત થાય છે કે યસ બેંક દ્વારા આપવામાં આવેલી સુવિધાઓ માટે કોઈ પણ અથવા બધા શુલ્ક યસ બેંકની એકમેવ મરજીથી રહેશે. યસ બેંક ઉપભોક્તાને કોઈ પણ સૂચના કે જાણકારી આપ્યા વિના સમયાંતરે તે પાછી ખેંચવાની અથવા સુધારણા કરવાની અથવા ફેરફાર કરવાની આઝાદી ધરાવે છે.

16. ઉપભોક્તા પહોંચ આપે અને સંમતિ આપે છે કે કોઈ પણ કારણસર સુવિધાઓના ઉપયોગને લીધે અથવા તેના સંબંધમાં તેનું બેંક અકાઉન્ટ બંધ કરાય અથવા બ્લોક કરાય તો ઉપભોક્તા તેની બેંક સાથે આ મુદ્દાની પતાવટ સીધી જ કરશે અને તે માટે યસ બેંકને ઉત્તરદાયી અથવા જવાબદાર નહીં ધરશે. યસ બેંક દ્વારા ઉપભોક્તાને કરવામાં આવેલું નાણાંનું કોઈ પણ રિફંડમાં કોઈ પણ વ્યાજનો સમાવેશ નહીં રહેશે અથવા નહીં ધરાવશે, કારણ કે એપ્લિકેશન યસ બેંક દ્વારા ઉપભોક્તાને આપવામાં આવેલી વ્યાજ મુક્ત સુવિધા છે.

17. ઉપભોક્તા પહોંચ અને સંમતિ આપે છે કે (i) ઉપભોક્તા દ્વારા ઉપયોગ કરાતા અથવા જાળવવામાં આવતા યસ પે વોલેટ અથવા એપ્લિકેશનમાં જાળવવામાં આવેલી બેલેન્સ પર યસ બેંક દ્વારા કોઈ વ્યાજ નહીં ચૂકવાશે; (ii) એપ્લિકેશન વિશે ઉપભોક્તા દ્વારા કોઈ પણ રેફરલ્સ માટે યસ બેંક દ્વારા કોઈ પણ આર્થિક પ્રોત્સાહન અથવા અન્યથા ચૂકવવામાં નહીં આવશે અને યસ બેંક આવા કોઈ પણ રેફરલ્સ સામે પ્રાપ્ત કોઈ પણ ફરિયાદો માટે જવાબદાર નહીં રહેશે; (iii) ઉપભોક્તા દ્વારા સ્થાપિત લક્ષ્ય સામે કાપવામાં આવેલી રકમ પર યસ બેંક દ્વારા કોઈ વ્યાજ નહીં ચૂકવવામાં આવશે; (iv) સર્વ નિર્ધારિત લેણદેણ આખર તારીખના ભારતીય સમય અનુસાર બપોરે 12 વાગ્યે અમલ કરાશે. જોકે તેનો અમલ કરવા માટે પૂરતી બેલેન્સ જરૂરી છે.

18. ઉપભોક્તા પહોંચ અને સંમતિ આપે છે કે જો ઉપભોક્તા યસ બેંક દ્વારા આપવામાં આવેલા સિવાયનાં માધ્યમથી એપ્લિકેશન પર નાણાં લોડ કરવાનો પ્રયાસ કરશે તો એપ્લિકેશમાં રકમ અથવા નાણાં લોડ

નહીં થઈ શકે અને યસ બેંક આવી રકમ અથવા નાણાં યસ બેંક દ્વારા આવી રકમ અથવા નાણાં પ્રાપ્ત થાય તે તારીખથી 21 કામકાજના દિવસમાં રિફંડ કરશે.

19. ઉપભોક્તા પહોંચ અને સંમતિ આપે છે કે જો ઉપભોક્તાનું નિયામક અથવા સરકાર દ્વારા પ્રસિદ્ધ નકારાત્મક યાદીમાં આવે તો યસ બેંક તેને અનુકૂળ લાગે તેવાં કોઈ પણ પગલાં લઈ શકે છે, જેમાં આવા ઉપભોક્તાને આપવામાં આવેલા અથવા ઉપલબ્ધ એપ્લિકેશનને નિલંબિત અથવા સમાપ્ત કરવાને મર્યાદિત નહીં પરંતુ તેના સહિતનો સમાવેશ થાય છે.

20. ઉપભોક્તા પહોંચ અને સંમતિ આપે છે કે જો ઉપભોક્તા વોલેટનો ઉપયોગ કરીને નાણાકીય લેણદેણ એક (01) વર્ષના એકધાર્યા સમયગાળામાં પૂર્ણ નહીં કરે તો ઉપભોક્તાના વોલેટ (વોલેટનું લોડિંગ)માં બધી ક્રેડિટ લેણદેણ યસ બેંકની એકમેવ મરજીએ નિયંત્રિત થશે. વોલેટ સમયાંતરે બેંક દ્વારા વ્યાખ્યા કરાતી વેલિડેશન અને યોગ્ય પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી જ ફરીથી સક્રિય કરાશે. ઉપભોક્તા યસ બેંક દ્વારા આપવામાં આવેલા એપ્લિકેશન થકી કરવામાં આવેલી કોઈ પણ અને બદી લેણદેણ માટે જવાબદાર રહેશે. ઉપભોક્તા પહોંચ અને સંમતિ આપે છે કે યસ બેંક ઉપભોક્તાના નિધન, નાદારી અથવા કાનૂની ક્ષમતાનો અભાવ અથવા આવા કોઈ પણ કારણ યસ બેંકને ધ્યાનમાં આવે તો કોઈ પણ પૂર્વ સૂચના વિના ઉપભોક્તા દ્વારા અહીં ઉલ્લેખ મુજબ નિયમો અને શરતોના ભંગના કિસ્સામાં અથવા કોઈ પણ સમયે સુવિધાઓ પાછી ખેંચી અથવા સમાપ્ત કરી શકશે.

21. ઉપભોક્તા પહોંચ અને સંમતિ આપે છે કે યસ બેંક આ એપ્લિકેશન થકી તેના વતી તેના સહયોગીઓ, પ્રતિનિધિઓ, એજન્ટો અથવા કોન્ટ્રાક્ટના સેવા પ્રદાતાઓ થકી પ્રત્યક્ષ સુવિધાઓ પૂરી પાડી શકે છે.

22. ઉપભોક્તા પહોંચ, સંમતિ આપે અને સ્વીકાર કરે છે કે સુવિધાઓ સંબંધમાં યસ બેંકને ઉપભોક્તા દ્વારા આપવામાં આવેલી માહિતીમાં કોઈ પણ ખામી અથવા બિન-સાતત્યતા જણાય અથવા બહાર આવે તો આવી માહિતીની સંપૂર્ણ બોજ, ઉત્તરદાયિત્વ અથવા જવાબદારી ઉપભોક્તાની રહેશે. ઉપભોકતા પહોંચ, સંમતિ અને સમર્થન આપે છે કે સુવિધાઓ સાથે સંબંધમાં યસ બેંકને સર્વ સમયે અચૂક અને સાચી માહિતી જ આપશે. જો ઉપભોક્તાને યસ બેંકને આપવામાં આવેલી માહિતીમાં કોઈ પણ ભૂલ અથવા ખામી હોય તેવી શંકા હોય તો ઉપભોક્તા તાત્કાલિક યસ બેંકને જાણકારી અથવા માહિતી આપશે. આવી માહિતી અથવા જાણકારી પ્રાપ્ત થવા પર યસ બેંક તેના શ્રેષ્ઠ પ્રયાસમાં શક્ય હોય ત્યાં સુચારુ રીતે ભૂલ સુધારવાનો પ્રયાસ કરશે.

**એચ. સમાપ્તિઃ**

1. જો ઉપભોક્તા અહીં ઉલ્લેખિત કોઈ પણ નિયમો અને શરતોનો ભંગ કરે અથવા જો યસ બેંકને ઉપભોક્તાનું નિધન, નાદારી અથવા કાનૂની ક્ષમતાના અભાવની જાણકારી મળે તો ઉપભોક્તાને કોઈ પણ પૂર્વ સૂચના આપ્યા વિના કોઈ પણ સમયે સંપૂર્ણ અથવા હિસ્સામાં સુવિધાઓ યસ બેંક તેની એકમેવ મરજીથી હંગામી ધોરણે પાછી ખેંચી શકે અથવા સમાપ્ત કરી શકે છે.

2. ઉપભોક્તા પહોંચ અને સંમતિ આપે છે કે ઉપભોક્તા દ્વારા એપ્લિકેશન બંધ કરવાથી સુવિધાઓ આપોઆપ સમાપ્ત થશે. ઉપભોક્તા સ્વૈચ્છિક રીતે તેમનું વોલેટ બંધ કરવાનું પસંદ કરી શકે છે. વોલેટ સ્વૈચ્છિક રીતે બંધ કરવાના સંજોગોમાં વોલેટમાં બાકી રકમ ફક્ત ઉપભોક્તાના વેરિફાઈડ (યસ બેંક દ્વારા હાથ ધરવામાં

આવેલા વેરિફિકેશનને આધારે) બેંક અકાઉન્ટમાં જ ટ્રાન્સફર કરશે. ઉપભોક્તા બિનશરતી રીતે સંમત થાય છે કે યસ બેંક અથવા ભારતમાં સ્થાપિત અને સંચાલન કરતી કોઈ પણ અન્ય બેંકમાં જાળવવામાં આવેલા અકાઉન્ટની વિગતો બેંક વેરિફાઈ કરી શકે તે માટે બેંકની અકાઉન્ટની વિગતો (અકાઉન્ટ નંબર અને આઈએફએસસી કોડ) આપશે.

3. ઉપભોક્તા પહોંચ અને સંમતિ આપે છે કે ઉપભોક્તાની બંધ કરવાની વિનંતી પર યસ બેંક ઉપભોક્તાના બેંક અકાઉન્ટમાં વાસ્તવિક રકમ ટ્રાન્સફર કરવામાં આવે તે પૂર્વે નિર્દિષ્ટ રકમ *(આવી વિનંતીના સમયે ઉપભોક્તાને જણાવવામાં આવેલી રકમ બેંકની એકમેવ મરજીથી નક્કા કરાશે)* કાપી લેવા હકદાર છે. ઉપભોક્તા બિનશરતી અને અફર રીતે સંમત થાય છે કે વાસ્તવિક ભંડોળ ઉપભોક્તાના બેંક અકાઉન્ટમાં ટ્રાન્સમિટ અને/અથવા ટ્રાન્સફર કરવામાં આવે તે પૂર્વે યસ બેંક દ્વારા નિર્ધારિત વેરિફિકેશન પ્રક્રિયાનું પાલન કરશે.

4. લાગુ કાયદા અને નિયમન દ્વારા પૂરા પાડવા આવેલા અન્યથા સિવાય યસ બેંક સલામતીના મુદ્દાને આધારે કોઈ પણ સમયે ઉપભોક્તાને કોઈ પણ પૂર્વ સૂચન આપ્યા વિના સુવિધાઓ સમાપ્ત કરવાનો અને/અથવા વિસ્તરણ કરવાનો, આ સુવિધાનો ઉપયોગ કરવા મંજૂર કોઈ પણ લેણદેણ ઘટાડવાનો અથવા નિલંબિત કરવાનો અથવા આ સુવિધાઓ સાથે સંકળયેલી પ્રક્રિયા અને લેણદેણ મર્યાદાઓમાં ફેરફાર કરવાનો એકમેવ અધિકાર ધરાવે છે.

5. યસ બેંક તેની એકમેવ મરજીથી ઉપભોક્તાને કોઈ પણ પૂર્વ સૂચના અને કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ સમયે સંપૂર્ણ અથવા હિસ્સામાં સુવિધાઓ હંગામી ધોરણે પાછી ખેંચી શકે છે.

6. યસ બેંક હાથ ધરવાનું આવશ્યક હોય તેવા કોઈ પણ જાળવણી કાર્ય અથવા સમારકામના હેતુથી અથવા કોઈ પણ કટોકટી અથવા સલામતીનાં કારણોસર સુવિધા નિલંબિત અથવા સમાપ્ત કરવાનું આવશ્યક હોય તો આવા કોઈ પણ સમયે સુવિધાઓ પૂર્વ સૂચના વિના નિલંબિત કરી શકે છે.

## આઈ. ક્ષતિપૂર્તિઃ

1. યસ બેંક દ્વારા ઉપભોક્તાને સુવિધાઓ પૂરી પાડવાની સંમતિ આપી છે તે ધ્યાનમાં લેતાં ઉપભોક્તા પોતાને ખર્ચે, અફર અને બિનશરતી રીતે, યસ બેંક અને તેના ડાયરેક્ટરો, અધિકારીઓ, માલિકો, એજન્ટો, સહ–બ્રાન્ડર્સ અથવા અન્ય ભાગીદારો, કર્મચારીઓ, માહિતી પ્રદાતાઓ, લાઈસન્સરો, લાઈસિન્સીઓ, કન્સલ્ટન્ટો, કોન્ટ્રાક્ટરો અને અન્ય લાગુ તૃતીય પક્ષો (એકત્રિત રીતે ‘‘ક્ષતિપૂર્તિ પાર્ટીઓ’’)ને ક્ષતિપૂર્તિ પાર્ટીઓ દ્વારા ઉદભવનાર, સંબંધિત અથવા નિમ્નલિખિતમાંથી ઉદભવવા દ્વારા વ્યવહારુ એટર્નીની ફી અને ઉદભવનાર અથવા થનાર અથવા થવાની શક્યતા ધરાવતા ખર્ચ સહિત કોઈ પણ અને બધા નુકસાન, હાનિ, દાવા, માગણી, કૃતિનાં કારણો, ઋણ અથવા ઉત્તરદાયિત્વ સામે ક્ષતિરહિત, બચાવ અને હાનિરહિત રાખશેઃ (i) અહીં ઉલ્લેખિત કોઈ પણ નિયમો અને શરતો અથવા યસ બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત મુજબ કોઈ પણ અન્ય વધારાના નિયમો અને શરતો અને નીતિઓના ઉપભોક્તા દ્વારા કોઈ પણ ઉલ્લંઘન અથવા પાલન નહીં કરવું; (ii) સુવિધાઓનો ઉપયોગ કરવામાંથી ઉદભવનાર અથવા સંબંધમાં ઉપભોક્તાનાં પગલાં અથવા ભૂલને લીધે થનાર ક્ષતિપૂર્તિ પાર્ટીઓ સામે કોઈ પણ દાવો, માગણી, વિખવાદ અથવા લિટિગેશન અને (iii) ઉપભોક્તા દ્વારા તૃતીય પક્ષના કોઈ પણ કાયદા અથવા અધિકારો પ્રત્યે કોઈ પણ બેદરકારી અથવા ઉલ્લંઘન અથવા કથિત ઉલ્લંઘન.

2. ઉપભોક્તા સંમતિ અને સમર્થન આપે છે કે આ ક્ષતિપૂર્તિ યસ બેંક દ્વારા સુવિધાઓ આંશિક અથવા સંપૂર્ણ પાછી ખેંચી લેવાઈ હોવા છતાં ઉપભોક્તા પર લાગુ, પ્રવર્તમાન અને બંધનકારક રહેશે.

3. ઉપભોક્તા સંમતિ અને સમર્થન આપે છે કે આ ક્ષતિપૂર્તિ લાગલગાટ ક્ષતિપૂર્તિ છે અને સુવિધાઓની સમાતિ અથવા અંત છતાં ઉપભોક્તા પર તે લાગુ, પ્રવર્તમાન અને બંધનકારક રહેશે.

4. ઉપભોક્ત્તા સંમતિ અને પહોંચ આપે છે કે ઉદભવ્યા નહીં હોય અથવા પ્રકારમાં કટોકટીના હોય છતાં કોઈ પણ આવા નુકસાન, ખર્ચ અને દાવા અથવા ખર્ચ સામે તેને ક્ષતિપૂર્તિની પૂર્તતાથી ક્ષતિપૂર્તિની પાર્ટીઓ દ્વારા નિશ્ચિત કરાઈ શકે તે આવી રકમ ચૂકવવાથી પાર્ટીઓને ક્ષતિપૂર્તિ રાખે છે.

## જે. ગોપનીયતાઃ

1. લાગુ કાયદા દ્વારા પ્રતિબંધિત નહીં હોય તે માત્રામાં યસ બેંક દ્વારા પસંદ કરવામાં આવેલી જ્યાં પણ સ્થિત હોય તેવી તેની શાખાઓ, પ્રતિનિધિત્વ કાર્યાલયો, સંલગ્નિતો, પ્રતિનિધિઓ, ઓડિટરો અને તૃતીય પક્ષોની વચ્ચે, સુવિધાઓ ઉપયોગ કરવા અને ઉપલબ્ધ કરવા માટે ઉપભોક્તાને આપવામાં આવેલી ઉપભોક્તા સંબંધી કોઈ પણ ગોપનીય માહિતી અથવા કોઈ પણ અન્ય માહિતી ટ્રાન્સફર કરવા માટે યસ બેંક હકદાર રહેશે.

2. યસ બેંક પોતાના જ્ઞાન અને કબજામાં ઉપભોક્તા સંબંધી કોઈ પણ અને બધી માહિતી, તેને અનુકૂળ લાગે તે રીતે, કોઈ પણ અન્ય બેંક અથવા સંગઠન અથવા નાણાકીય સંસ્થા અથવા કોઈ પણ અન્ય સંસ્થાને કોઈ પણ સમયે જાહેર કરવા માટે હકદાર રહેશે.

3. આ ધારા યસ બેંક દ્વારા ઉપભોક્તાને આપવામાં આવેલી સુવિધાઓની સમાપ્તિ અથવા અંત છતાં હયાત રહેશે.

## કે. અસ્વીકારઃ

1. યસ બેંક નિમ્નલિખિત કિસ્સામાં કોઈ પણ અથવા બધી લાયેબિલિટીથી વિમુક્ત રહેશેઃ (i) ઉપભોક્તા જો આવશ્યક ભૌગોલિક ક્ષેત્ર અથવા નૈસર્ગિક આપત્તિઓ સહિત કોઈ પણ અન્ય કારણસર અથવા કોઈ પણ કાનૂની નિયંત્રણ અથવા દૂરસંચાર નેટવર્કમાં કોઈ પણ ટેકનિકલ ખરાબીઓ અથવા યસ બેંકના વાસ્તવિક નિયંત્રણની બહાર હોય તેવાં કોઈ પણ કારણોસર, તેને મર્યાદિત નહીં પણ તેના સહિત *કુદરતી આપત્તિઓને* લીધે સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં નિષ્ફળ નીવડે; (ii) ઉક્ત ઉલ્લેખિત કારણોને લીધે સુવિધાઓમાં કોઈ પણ કસરને લીધે ઉપભોક્તા અથવા કોઈ પણ અન્ય વ્યક્તિ દ્વારા ઉદભવનાર પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ નુકસાનને લીધે ઉદભવનાર કોઈ પણ પ્રકારની લાયેબિલિટી; (iii) પ્રક્રિયા અથવા ટ્રાન્સમિશન દરમિયાન કોઈ પણ ગોપનીય માહિતીનું કોઈ પણ નુકસાન અથવા કોઈ પણ અન્ય વ્યક્તિ દ્વારા કોઈ પણ અનધિકૃત રીતે એક્સેસ અથવા ગોપનીયતાનું ઉલ્લંઘન; (iv) સેવા પ્રદાતાઓ અથવા કોઈ પણ તૃતીય પક્ષના ભાગમાં કોઈ પણ કસર અથવા નિષ્ફળતા, જેનાથી સુવિધાઓને અસર થઈ શકે.

2. યસ બેંક સુવિધાઓ સાથે સંબંધમાં અથવા તેમાંથી ઉદભવનાર, કોઈ પણ આવી સેવા પ્રદાતા અથવા કોઈ પણ તૃતીય પક્ષ દ્વારા આપવામાં આવેલી સેવાની ગુણવત્તા તરીકે, વ્યક્ત અથવા લાગુ, કોઈ પણ વોરન્ટી આપતી નથી.

3. એપ્લિકેશન થકી ઉપભોક્તા દ્વારા નવા ક્રેડિટ કાર્ડ અથવા ટ્રાવેલ કાર્ડ માટે બધી વિનંતીઓ યસ બેંકની એકમેવ મરજીથી રહેશે. ઉપભોક્તા પહોંચ અને સમર્થન આપે છે કે નવા ક્રેડિટ કાર્ડ અથવા ટ્રાવેલ કાર્ડ માટે વિનંતી કરવાથી યસ બેંક દ્વારા તે સ્વીકાર કરવામાં આવી છે એવું ધારી નહીં લેવું. ઉપભોક્તા પાસેથી કોઈ પણ વિનંતીનો સ્વીકાર યસ બેંક દ્વારા નિર્ધારિત મુજબ આવા ક્રેડિટ કાર્ડ અથવા ટ્રાવેલ કાર્ડ જારી કરવા માટે નિયમો અને શરતોની પૂર્તતાને આધીન રહેશે.

4. યસ બેંક સુવિધાઓ સંબંધમાં એપ્લિકેશન થકી ટ્રાન્સમિટ કરેલી અંગત અથવા અન્યથા મેસેજીસ અથવા નોટિફિકેશન્સની ગોપનીયતા અથવા સલામતીની બાંયધરી આપતી નથી.

5. યસ બેંક સુવિધાઓના પરિણામે અથવા સંબંધમાં ઉપભોક્તા અથવા કોઈ પણ વ્યક્તિ દ્વારા જ્યારે પણ અને ગમે તે રીતે ભોગવનાર અથવા થનાર સિસ્ટમ અને નેટવર્ક અથવા તેની કામગીરી અથવા પરફોર્મન્સ અથવા કોઈ પણ નુકસાન કે હાનિ સંબંધમાં કોઈ પણ પ્રકારની વોરન્ટી અથવા પ્રતિનિધિત્વ નહીં કરશે.

6. યસ બેંક અને/અથવા તેના ડાયરેક્ટરો અને કર્મચારીઓ, એજન્ટો અથવા કોન્ટ્રાક્ટરો, સુવિધાઓ પૂરી પાડવા માટે જરૂરી હોય તે આવી સેવાઓ પૂરી પાડનાર યસ બેંકની સિસ્ટમ અથવા કોઈ પણ સેવા પ્રદાતાના નેટવર્ક અને/અથવા કોઈ પણ તૃતીય પક્ષ, ઉપભોકતાના દૂરસંચાર ઉપકરણમાં નિષ્ફળતા અથવા કોઈ પણ બગાડ, અવરોધ, નિલંબન અથવા નિષ્ફળતા અથવા ઉપભોક્તાના દૂરસંચાર ઉપકરણ અને કોઈ પણ સેવા પ્રદાતાના નેટવર્ક અને યસ બેંકની સિસ્ટમથી અને તેમાંથી કોઈ પણ માહિતી અથવા સંદેશ આપવામાં કોઈ પણ નિષ્ફળતા, વિલંબ, અવરોધ, નિલંબન, નિયંત્રણ અથવા ક્ષતિ અથવા વિનંત પ્રાપ્ત અને પ્રક્રિયા કરવામાં અને પ્રતિસાદની રચના અને પાછો મોકલવામાં યસ બેંક દ્વારા કોઈ પણ વિલંબ, અવરોધ, નિલંબન, ઠરાવ અથવા ક્ષતિ સંબંધમાં અથવા તેમાંથી ઉદભવનાર કોઈ પણ ઉપભોક્તા અથવા કોઈ પણ વ્યક્તિને ભોગવવા પડનાર, દેખીતા અથવા અણદેખીતા, સોફ્ટવેર સહિત કોઈ પણ ઉપકરણના ઉપયોગ અથવા મૂલ્યના નુકસાન, મહેસૂલ, નફો, વેપાર, કરાર, ધારેલી બચતો અથવા ગૂડવિલને નુકસાનને મર્યાદિત નહીં પણ તેના સહિત પ્રત્યક્ષ, અપ્રત્યક્ષ અથવા પરિણામકારી કોઈ પણ નુકસાન કે હાનિ માટે અથવા સંબંધમાં યસ બેંક ઉત્તરદાયી નહીં રહેશે.

7. અહીં ઉલ્લેખિત નિયમો અને શરતોમાં આપવામાં આવ્યું હોય તેનાથી વિપરીત કશું પણ હોય તો યસ બેંક ઉપભોક્તા અને સેલ્યુલર પ્રદાતા અથવા કોઈ પણ તૃતીય પક્ષના સેવા પ્રદાતા (યસ બેંકે તે વતી અથવા અન્યથા નિયુક્ત કર્યા હોય કે નહીં) વચ્ચે કોઈ પણ વિખવાદ માટે ઉપભોક્તાને ઉત્તરદાયિત્વ કશામાં પણ અથવા કોઈ પણ રીતે સંકળાશે નહીં.

8. યસ બેંક ઉપભોક્તાની સૂચનાઓનો અમલ કરવા માટે સુવિધા થકી મોકલવામાં આવનાર અંગત અથવા અકાઉન્ટની માહિતીની ગોપનીયતા, વિશ્વસનીયતા અથવા સલામતી માટે જવાબદાર નહીં રહેશે.

9. યસ બેંક આંકડાવારીના વિશ્લેષણ અથવા ક્રેડિટ રેટિંગ માટે કાનૂની નિર્દેશોનું પાલન કરવામાં કોઈ પણ દૂરસંચાર અથવા ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ નેટવર્કમાં સહભાગને મર્યાદિત નહીં પરંતુ સમાવેશનાં કારણો માટે

યસ બેંક દ્વારા તૃતીય પક્ષને અંગત માહિતી જાહેર કરવાને લીધે ઉપભોક્તા દ્વારા ભોગવવા પડનાર કોઈ પણ નુકસાન માટે ઉત્તરદાયી નહીં રહેશે.

## એલ. સબ-કોન્ટ્રાક્ટિંગઃ

1. યસ બેંક સુવિધાઓ હેઠળ તેની જવાબદારી પાર પાડવા માટે ઉપભોક્તાને કોઈ પણ સૂચના કે જાણકારી કે સંમતિ વિના કોણ પણ તૃતીય પક્ષ અથવા સ્વતંત્ર કોન્ટ્રાક્ટરને સુવિધાઓ હેઠળ સબ કોન્ટ્રાક્ટ આપી શકે છે.

2. આ નિયમો અને શરતોમાં કશું પણ એવું ધારી નહીં લેવું જોઈએ કે તે યસ બેંક અને સબ–કોન્ટ્રાક્ટર અથવા સ્વતંત્ર સેવા પ્રદાતા વચ્ચે કોઈ પણ કરારબદ્ધ સંબંધ નિર્માણ કરે છે અથવા સબ–કોન્ટ્રાક્ટર કે સ્વતંત્ર સેવા પ્રદાતા પાસેથી લેણાં કોઈ પણ નાણાં ચૂકવવાની યસ બેંકના ભાગે કોઈ જવાબદારી નથી.

## એમ. અનેકતાઃ

1. જો આ દસ્તાવેજમાં કોઈ પણ નિયમ અથવા જોગવાઈ સક્ષમ સીમાની કોર્ટ દ્વારા અપ્રમાણિત જાહેર કરવામાં આવે તો આ પરચેઝ ઓર્ડરના બાકી નિયમો અને જોગવાઈઓ યથાવત રહેશે અને સંપૂર્ણ અમલી અને અસરકારક રહેશે.

## એન. તૃતીય પક્ષના લાભાર્થીઓઃ

1. અહીં સંદર્ભિત અથવા ચોક્કસ રીતે આપવામાં આવ્યું છે તે સિવાય, ઉપભોક્તા સિવાય કોઈ પણ વ્યક્તિ કે કંપની પર કોઈ પણ અધિકારો આપવાનો હેતુ અથવા ઉપાર્જિત કશું પણ સમાવિષ્ટ નથી કે લાગુ નથી.

## ઓ. ફી અને ગ્રાહક ટેકોઃ

1. યસ બેંક યસ પે વોલેટમાંથી કોઈ પણ બેંક અકાઉન્ટમાં કોઈ પણ રકણ ઉપભોકતા ટ્રાન્સફર કરે ત્યારે ઉપભોક્તાન ફી લાગુ કરશે. આ ફી ટ્રાન્સફર રકમના 2.5% રહેશે. યસ બેંક ઉપભોક્તાને લાગુ કરેલી ફીમાં સુધારણા અને ફેરફાર કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

2. યસ પે વોલેટ સંબંધી વધુ માહિતી માટે ઉપભોક્તાઓ વિઝિટ કરો www.yesbank.in અથવા yespay.co.in

3. કોઈ પણ પૂછપરછો/ફરિયાદો માટે ઉપભોક્તાઓ યસ બેંકના ટોલ ફ્રી નં. 1800 2000 પર પહોંચી શકે છે અથવા ઈમેઈલ કરો yestouch@yesbank.in પર.

4. જો ફરિયાદના ઉકેલથી તમને સંતોષ નહીં હોય તો ઉપભોક્તા head.grievanceredressal@yesbank.in પર ગ્રીવન્સ રિડ્રેસલ અધિકારીનો સંપર્ક કરી શકે છે. જો ગ્રીવન્સ રિડ્રેસલ અધિકારી દ્વારા લાવવામાં આવેલા ઉકેલથી પણ સંતોષ નહીં હોય તો ઉપભોક્તાએ મુખ્ય નોડલ અધિકારીનો principal.nodalofficer@yesbank.in ઉપર સંપર્ક સાધવો.

5. ઉપભોક્તાઓને અત્રે માહિતગાર કરવામાં આવે છે કે યસ બેંક રિઝર્વ ઓફ ઈન્ડિયાની બેન્કિંગ લોકપાલ યોજના 2006 હેઠળ આવરી લેવાઈ છે. આ યોજના હેઠળ બેંક સામે કોઈ પણ ફરિયાદનો ઉકેલ 30 દિવસમાં નહીં આવે તો સંબંધિત શહેરના બેન્કિંગ લોકપાલને ફરિયાદ લખી શકાશે. કૃપા કરીને સંપર્ક વિગતો માટે નીચે લિંક જુઓઃ https://www.rbi.org.in/Scripts/bs_viewcontent.aspx?Id=164

**પી. શાસક કાયદા અને ન્યાયસીમાઃ**

1. અહીં ઉલ્લેખિત અને યસ બેંક દ્વારા સમયાંતરે તેમાં કરાતી સુધારાણાઓ અને ફેરફાર સાથેના બધા નિયમો અને શરતો અનુસાર બધા વિખવાદો ભારતના કાયદા હેઠળ શાસિત અનુસાર રહેશે.

2. અહીં ઉલ્લેખિત અને યસ બેંક દ્વારા સમયાંતરે તેમાં કરાતી સુધારાણાઓ અને ફેરફાર સાથેના બધા નિયમો અને શરતો, જેમાં તેનું ઉલ્લંઘન, સમાપ્તિ અથવા વેલિડિટી સહિતમાંથી ઉદભવનાર અથવા સંબંધમાં કોઈ પણ અથવા બધા વિખવાદો, વિવાદો અથવા દાવા મુંબઈ ખાતે કોર્ટોની વિશિષ્ટ ન્યાયસીમામાં સુપરત કરાશે.

**ઉપભોક્તાએ ઉક્ત નિયમો અને શરતોનાં પરિણામો વાંચ્યા અને સમજ્યાં છે અને પોતાની મુક્ત ઈચ્છાથી, માહિતગાર સંમતિ અને સંકલ્પશક્તિથી એપ્લિકેશન થકી સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે સંમતિ આપી છે.**